૨વિ કૃષિ મહોત્સવમાં સુત્રોચ્ચાર કરતાં ૪૦ કોંગી કાર્યકરોની અટકાયત

વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર - ૧માં એ - વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ

અપૂર્વ પટેલ, કોષા પટેલ, સિમરન કોટચંદાની, હર્ષિલ પટેલ, પ્રિત ગોરે, મહીન શાહ, જય વ્યાસ, શ્રેયા મહંતો, પૂર્વમ પટેલ, નિસર્ગ પટેલ, દેવેશ પ્રજાપતિ, સની ગિડવાની

ઋત્વી પટેલ, સંકલ્પ આચાર્ય, જય પટેલ, અર્થ શાહ, આયુશી દેસાઈ, શિવાન પટેલ, દ્રષ્ટિ પટેલ, પ્રાચી સારશ્વત, આદિત્ય ઉપાધ્યાય, રમેશ દેવાશી, ભાર્ગવ પ્રજાપતિ, મહેશ્વરી પિતામ્બર

વિવેક શર્મા, હેની પટેલ, પંકીલ પટેલ, સંકેત પટેલ, પરમ શાહ, જિનિત ઠક્કર, દર્શિલ પટેલ, ખુશ્બુ ઠાકર, સલોની ઘરવા, વેદ પટેલ, નિરવ પટેલ, નિયતિ પરમાર

દ્રષ્ટિ પટેલ, હર્ષ પ્રજાપતિ, કેયુર બાલધા, ઋતુ ઝાલા, કેલ્વીન ગામેતી, કિષ્ના ત્રિવેદી, નમિરા પઠાવા, ઝંખના કટારા, હીમાની શાહ, ધર્મિત પટેલ, હેતુ પટેલ, પ્રેક્ષા જોધા

રાજવી મેવાડા, પાર્થ ગોસ્વામી, ગુંજન જયસ્વાલ, ઉર્વી પટેલ, જય પટેલ, મુંજાલ પટેલ, કીંજલ પટેલ, નિસ્થા વાઘ, અનિકેત શાહ, નિત્યમ રાજવીર, દિક્ષિત ડોડીયા, આયુષી મિસ્ત્રી

ઉપાસના જયસ્વાલ, મયુર પટેલ, હેત્વી પટેલ, સ્તુતિપ્રિયા જહા, શુભમ જયસ્વાલ, તનુષ્કા શર્મા, હિમાની પટેલ, હિમલ વાણિયા, ખુશી દોશી, અભિષેક શાહ, દેવર્શ શાહ, મૌલિક જાદવ

અભ્યર્થના કારીયા, ખિલન મોદી, હર્ષનિલ ચૌધરી, સ્મીત પટેલ, જય પટેલ, હર્ષિલ પટેલ, વંદન પટેલ

ખૂણે ખાંચરેથી...

● વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાના પગે ઘૂંટણની સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. તેઓ મુલાકાતીઓને ૪ થી ૬ દરમિયાન વસંત વગડે મળે છે. જો કે ડૉકટરોએ તેમને આરામની સલાહ આપી છે.

● ગાંધીનગર શહેર ભાજપની કોર્પોરેશન માટે રચાયેલી સંકલન સમિતિની આજે બેઠક લાંબા સમય પછી મળી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ૩ કર્મચારીઓ શ્રી ઉપાધ્યાય, શ્રી યાજ્ઞિકભાઈ અને બાંધકામના મદદનીશ ઈજનેર પી.પી.પટેલ, આજે વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં કર્મચારીઓ અધિકારીઓએ તેમને ભાવભીની વિદાય આપી હતી તેમજ તેમની સેવાઓને બિરદાવી શાલ અર્પણ કરી સન્માનિત પણ કર્યા હતા.

● પૂર્વમંત્રી અને જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય શ્રી ઈશ્વરસિંહ ચાવડા આજે જિલ્લા પંચાયતમાં તેમના વિસ્તારના પ્રશ્નોને લઈ આવ્યા હતા.

● જિલ્લામાં સંચારી રોગોની સ્થિતિને લઈ આજે જિલ્લાકક્ષાની એક બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા કરાઈ હતી.

● ખેલ મહાકુંભમાં રમતોના નિયમો કરાયેલા બદલાવ ને લઈ રમતવીરો મૂંઝવણમાં મુકાયા છે. જો કે નવી રમતોનો સમાવેશ કર્યો છે પણ રમતવીરોને તે બહુ ઓછી આકર્ષી શકી છે.

ભરશિયાળે ઉનાળા જેવી ગરમી

ગાંધીનગર, તા.૩૧

ડિસેમ્બરના મધ્ય ભાગમાં પડેલી ઠંડીનો મિજાજ જોઈને એવું લાગતું હતું કે માંસાતે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં ગાત્રો થિજવતી ઠંડી પડશે. જો કે ધારણાની એકદમ વિરુદ્ધ ડિસેમ્બર માસના અંતિમ સપ્તાહમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીથી વધુ થતાં ભરશિયાળે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ગાંધીનગરમાં આજે તાપમાન મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી જેટલું ઊંચું નોંધાયું હતું.

છેલ્લા ત્રણ-ચાર દિવસોથી ગાંધીનગર શહેરમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીથી વધુ નોંધાય છે. લઘુત્તમ તાપમાન પણ ઊંચકાયું છે. લઘુત્તમ તાપમાન ૧૨થી ૧૩ ડિગ્રી જેટલું રહેતા ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ છે. દિવસ દરમિયાન આકરો તાપ પડે છે અને ઉનાળા જેવી ગરમી લાગે છે.

હજુ થોડાક દિવસો અગાઉ પડેલી ઠંડીની આકરી અસર જાણે સાવ વિસરાઈ ગઈ છે. અસાધારણ રીતે તાપમાનમાં ફેરફાર નોંધાયા વસાહતીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. ગરમ વસ્ત્રો હવે ઢગલાંના સ્વરુપમાં ફેરવાઈ ગયા છે. બ્લેન્કેટ અને રજાઈને વાળીને મુકી દેવી પડી છે. આજે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું હતું જયારે લઘુત્તમ તાપમાન ૧૩.૪ ડિ.સે. જેટલું રહ્યું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૫ ટકા અને સાંજે ૩૬ ટકા રહ્યું હતું.

સરકારી શાળાનું સંચાલન કડી સર્વ વિદ્યાલયને સોંપાતા

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારનું ઊડીને આંખે વળગે એવું પરિણામ !

વિજ્ઞાનપ્રવાહના પહેલા સેમેસ્ટરનું ૯૭ ટકા પરિણામ

ગાંધીનગર,તા.૩૧

સેકટર-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારને કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સોંપવામાં આવ્યા બાદ તેના પરિણામમાં સુધારાત્મક ઉછાળો છે. ગયા વર્ષે ૨૦ ટકાથી નીચુ પરિણામ લાવનાર આ શાળાનું તાજેતરનું પરિણામ ૯૦ ટકાથી વધુ નોંધાયું છે.

નીચું પરિણામ લાવતી સરકારી શાળાઓનું સંચાલન ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને સોંપવાનો નિર્ણય લેવાતા બંધ થવાના આરે ઊભી રહેલી સરકારી શાળાઓમાં જાણે નવો જીવ ફુંકાયો છે. ખાનગી સંસ્થાઓની દેખરેખ નીચે આવતાં જ સરકારી શાળાઓનું પરિણામ ખુબ ઉંચકાયું છે. સેકટર-૧૨ની સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારને તાજેતરમાં જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સોંપવામાં આવી છે. ખાનગી શૈક્ષણિક સંસ્થાના સંચાલન હેઠળ આવતા જ શાળાના પરિણામમાં ૮૦ ટકાથી વધુનો સુધારો થયો છે.ગયા વર્ષે સેકટર-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારનું પરિણામ ૧૯.૮૦ ટકા હતું. જયારે આ વર્ષે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલન હેઠળ આવતા જ ધો.૧૧ ફર્સ્ટ સેમેસ્ટરનું પરિણામ ૯૭.૨૨ ટકા જેટલું ઊંચુ આવ્યું છે. સેકન્ડ સેમેસ્ટરનું પરિણામ ૧૦.૬ ટકા આવ્યું હતું. જયારે થર્ડ સેમેસ્ટરનું પરિણામ ૯૦.૯૦ ટકા જેટલું ઊંચું આવ્યું છે.

ફર્સ્ટ સેમેસ્ટર અને થર્ડ સેમેસ્ટરનું પરિણામ ૯૦ ટકાથી વધુ આવતા કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કો-ઓર્ડીનેટર કૌશલ્યાબેન પટેલ અને આચાર્ય રાજેશભાઈ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

રવિ કૃષિ મહોત્સવમાં સુત્રોચ્ચાર કરતાં ૪૦ કોંગી કાર્યકરોની અટકાયત

દહેગામના પાલૈયા ખાતે કાર્યક્રમ પહેલા જ કોંગ્રેસના કાર્યકરોએ સરકારને ખેડુત વિરોધી ગણાવતા સુત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા

ગાંધીનગર, તા.૩૧

દહેગામ નજીક આવેલા પાલૈયા ખાતે યોજાયેલા રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમ પહેલા જ દહેગામ તાલુકા કોંગ્રેસના પદાધિકારીઓ અને કાર્યકરો હાજર થઈ ગયા હતા અને સરકારને ખેડૂત વિરોધી ગણાવતા સુત્રોચ્ચારો શરૂ કરી દેતા પોલીસે ચાલીસ કોંગી કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.

દહેગામના પાલૈયા ખાતે રવિ કૃષિ મહોત્સવ શરૂ થાય તેની ગણતરીની મિનિટો પહેલા દહેગામ તાલુકા કોંગ્રેસના પ્રમુખ બાબુસિંહ ઝાલા, જિલ્લા સદસ્ય જગતસિંહ, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ જયંતિભાઈ પટેલ સહિતના કોંગી અગ્રણીઓ કાર્યકરો સાથે પહોંચી ગયા હતાં. ભાજપ સરકાર ખેડૂત વિરોધી હોવાના સૂત્રોચ્ચારો શરૂ કરી દઈ વિરોધ પ્રગટ કરતાં ગાંધીનગર એએસપી કરણરાજ વાઘેલા તથા પી.આઈ. એલ.બી. મોણપરાની ટીમે વિરોધ કરી રહેલા ૪૦ કોંગી કાર્યકરોની અટકાયત કરી લઈ આઈશર ટ્રકમાં પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તમામ અટકાયતી કાર્યકરોને મુકત કરવામાં આવ્યા હતાં.

કૃષિ અને પશુપાલનમાં રોજગારીની ઘણી તકો

ગાંધીનગર,તા. ૩૧

કૃષિમંત્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું કે, રોજગારીની મોટી તકોનું નિર્માણ કરવા માટે કૃષિ અને પશુપાલન ખુબ જ જરૂરી છે. ભારતનું આ ક્ષેત્ર ઉદ્યોગો કરતા પણ વધુ લોકો રોજીરોટી આપી અર્થતંત્રને ધબકતુ રાખે છે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની વડ પણ હેઠળની ગુજરાત સરકારે ખેડુતની સમસ્યા સમજી તેનું નિરાકરણ લાવ્યું છે. કૃષિલક્ષી યોજનાનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. રાજય સરકારના હૈયે ખેડુતોનું હિત સર્વોપરી છે.

માણસાના નદી કાંઠાના ૩૧ ગામોમાં ફલોરાઈડવાળુ પાણી મળે છે : અમીત ચૌધરી

ગાંધીનગર, તા. ૩૧

માણસા તાલુકાના નદીકાંઠાના ૩૧ ગામોમાં પેયજળમાં ફલોરાઈડની વધતી જતી માત્રાને ધ્યાને રાખી આ ગામોમાં શુધ્ધ પેયજળની વ્યવસ્થા તાકીદે કરવાની માંગ ધારાસભ્યશ્રી અમીતભાઈ ચૌધરીએ કરી છે.

તેમણે આ મુદ્દે રજુઆત કરતાં જણાવ્યું હતું કે સરકાર દ્વારા તેમની આ વાતને ગંભીરતાથી લેવાઈ નથી અને તેને કારણે ત્યાં આરોગ્યના પ્રશ્નો પણ વધુ ગંભીર બની રહ્યા છે. તંત્ર દ્વારા આ મુદ્દે ઉદાસીન વલણ દાખવવામાં આવતું હોવાની નારાજગી પણ તેમણે વ્યકત કરી હતી.

નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલના અધ્યક્ષપદે આગામી બજેટમાં વિકાસના કામોનું આયોજન કરવા ધારાસભ્યોની મીટીંગ બોલાવેલી જેમાં માણસા વિસ્તારના ધારાસભ્યશ્રી અમિતભાઈ ચૌધરીએ ૩૭-માણસા વિધાનસભાના મહત્વના કામો બજેટમાં સમાવેશ કરવા રજુઆત કરેલ છે.

તેમણે તેમની રજુઆતમાં પેયજળના પ્રશ્ને ઉગ્ર રજુઆત કરતાં જણાવ્યું હતું કે મારા વિસ્તારમાં નદીકાંઠાના ૩૧ ગામોમાં ફલોરાઈડયુકત (ક્ષારવાળુ) પાણી વિશેષ પ્રમાણમાં હોવાના કારણે પાણી માનવીને અને પશુઓને પીવાલાયક નથી. આ અંગેના રિપોર્ટ ગર્વમેન્ટ એ પૂર્વ લેબોરેટરી પાસેથી પણ આવેલો છે. જેથી પીવાલાયક પાણી ઉપરોકત ગામોમાં મળી રહે તે માટે સાબરમતી નદીમાં ફેન્ચવેલ બનાવી પાઈલ લાઈન મારફતે અગ્રતાના ધોરણે પાણી પુરવઠો મળી રહે તેનું આયોજન કરવાની ગંભીર જરુરીયાત છે.

શ્રી ચૌધરીએ માણસા વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં રોડ, રસ્તા અને નોનપ્લાનીંગ રોડ રસ્તા, રિસરફેસીંગ થયેલ નથી તો તાત્કાલિક ધોરણે રિસરફેસીંગ બજેટમાં સમાવેશ કરવા સાથે અને ગામોમાં માટી મેટલ પેવર અને રિસરફેસીંગ કરવાની કામગીરી પણ તાકીદે કરવા ઉગ્ર રજુઆત કરી હતી.

દહેગામ ખાતે યોજાયેલ રવિકૃષિ મહોત્સવમાં ૧૩૯ ખેડૂતોને ૫૨ લાખની સહાય

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ૯૬ ગામોના ખેડૂતોને રવિપાકોની આધુનિક ખેતી અને તાંત્રિક માર્ગદર્શન મળી રહે તે હેતુથી રવિ કૃષિ મહોત્સવ નિલકંઠ મહાદેવ મંદિર, દહેગામ ખાતે યોજાયો હતો.

દહેગામ તાલુકાના ૧૩૯ ખેડૂત લાભાર્થીઓને કૃષિ વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ રૂપિયા ૫૨ લાખની સહાયના ચેકોનું વિતરણ કર્યા બાદ બેચરસ્વામી અતિ પછાત અનુ. જાતિ વિકાસ બોર્ડના અધ્યક્ષ પ્રવિણભાઈ પંડયા તથા યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડના અધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન દવેએ જણાવ્યું હતું કે, રવિકૃષિ મહોત્સવ પ્રત્યે ખેડૂતોમાં વધુ જાગૃતિ આવી છે. કૃષિ, બાગાયત અને પશુપાલનના વિષયો ઉપર કૃષિ નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન મેળવીને ખેડુતો પાક ઉત્પાદન અને આવકમાં વૃધ્ધિ કરી વધુ સદ્ધર બને તે માટે રાજય સરકારના કૃષિ મહોત્સવના પ્રયાસો સફળ બન્યા છે.